સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

હોજથી ગયેલી બે બૂંદથી પાછી આવતી નથી,
વીતી ગયેલી ક્ષણ કદીય પાછી આવતી નથી,
નથી આવતી આબરૂ કદી પાછી ઢોળાયા પછી -
એકવાર છોડયા પછી લાજ પાછી આવતી નથી.

હાઈકુ

ભૂંસાઈ ગયું
મતદારના હૈયાંથી
નામ ને કામ

ધોવાઈ ગયું
સતલજના કોપે
કમલસર

ચિંતન

કુર્વેન્નેવેહ કર્માણિ જિજિવિષેચ્છત સમાઃ ।
એવં ત્વયિ નાન્યથેતોઽસ્તિ ન કર્મ લિપ્યતે નરે ॥

ઉપરોક્ત શ્લોક ઈશ ઉપનિષદમાંતી લેવામાં આવેલ છે.

આ જગતમાં શાસ્ત્રે નિયત કરેલાં કર્મો કરતાં કરતાં જ સો વર્ષ સુધી જીવવાની ઈચ્છા કરવી જોઈએ. આ રીતે ત્યાગભાવથી પરમેશ્વરને માટે જ કરવામાં કર્મ હે મનુષ્ય ! તને લોપાયમાન નહીં કરી, તેથી હે મિત્ર...અન્ય કોઈ પ્રકાર કે માર્ગ છે જ નહીં જેનાથી મનુષ્ય કર્મબંધનમાંથી મુક્ત થઈ જાય.

ભગવાન માટે હોમ-હવન-યજ્ઞાધિ કર્મ સંસારી એ શાસ્ત્રોક્ત રીતે શ્રદ્ધા-વિશ્વાસ અને સ્નેહપૂર્વક કરવાં જોઈએ, તેમજ તમામ પિતૃક્રિયાઓ પણ ઋણ ચૂકવવાની સાધના તરીકે કરવાં જોઈએ, આથી પરમેશ્વર - પિતૃઓ પ્રસન્ન રહે છે અને તેમના આશીર્વાદથી જીવન સુખપૂર્વક સંપન્ન થાય છે.

સુવિચાર

- આલોચના મહત્ત્વાકાંક્ષા કી કીમત હૈ - **રોબિન શર્મા**
- પાંચ નિષ્ઠામાંથી દરેક સાધકે પસાર થવું પડે છે ગુરુનિષ્ઠા, નામ નિષ્ઠા, શાસ્ત્રનિષ્ઠા, શિવનિષ્ઠા, શબ્દનિષ્ઠા - **મોરારિ બાપુ**
- આપણા ભીતરમાં પણ સદ્‌ગુણ અને દુર્ગુણરુપી સુર અને અસુર મંથન કરી રહ્યા છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ઝરણાંને તું સમયસર નહીં રોકે તો તારા ઊંટને તારી સાથે જ ઘસડી જશે - **અરબી કહેવત**
- ટીકાકારોના શબ્દોને ધ્યાનપૂર્વક સાંભળો, તમારા મિત્રોએ જે છુપાવ્યું છે, તેઓ તેને ખુલ્લું પાડે છે - **ઓશો**
- જે સાપ પાસે ઝેર હોય તે સાપ જ ક્ષમાની વાત કરી શકે, ઝેર વગરનો સાપની ક્ષમાવૃત્તિનું મૂલ્ય શું ? - **ખલિલ જીબ્રાન**
- આજનું ઔષધ : ઉંબરાના કુમળાપાન દહીંમાં પીસીને લગાવવાથી દાઝ્યાની બળતરા શાંત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

વનવાસ દરમિયાન શ્રીરામ શરભંગ ઋષિના આશ્રમમાં પહોંચ્યા. આ ઋષિનો અંત નજદીક હતો. તે છતાં પણ તેમણે પોતાના યોગ અને આધ્યાત્મશક્તિ દ્વારા એટલી ઊર્જા પ્રાપ્ત કરીહતી કે તેમના અંત સમયે સ્વયં ભગવાન ઈન્દ્ર તેમને સદેહે સ્વર્ગે લઈ જવા માટે પૃથ્વી પર આવ્યા હતા. પરંતુ શરભંગ ઋષિ એ ઈન્દ્રને ઈનકાર કરતાં જણાવ્યું હતું કે હે ભગવાન માનવ દેહ તો પંચતત્વનું મિશ્રણ છે. હું પણ માનવ દેહ ધરાવું છું. હું મારા અંત સમયે સદેહે પૃથ્વીલોક છોડીને જવું કુદરતના નિયમોની વિરુદ્ધ હશે. હું આત્મસ્વરુપ બનીને જ આ પૃથ્વી પરથી જ વિદાય લઈશ, પરંતુ હજુ ભગવાન શ્રીરામની રાહ જોઉં છું. તેમના દર્શન કર્યા વિના જીવ હું છોડીશ નહીં. ઋષિની નવા પ્રકારની ઈચ્છા સાંભળીને ઈન્દ્ર તો પાછા જતા રહ્યા. બીજી તરફ તેનાથી થોડા અંતરે વૃક્ષની પાછળ છુપાઈને ભગવાન રામે શરભંગ અને ઈન્દ્ર વચ્ચેની આખી વાત સાંભળી. શરભંગ ઋષિ ભગવાન રામને મળ્યા ત્યારે તેમના ચહેરા પર પ્રસન્નતા છલકાતી હતી. ઋષિએ કહ્યું, 'હે પ્રભુ !! આપ તો માનવ સ્વરુપમાં ઈશ્વરીય અવતાર છો. હું અંતર્ધ્યાન થતાં પહેલાં આપનાં દર્શન માટે વ્યાકુળ હતો. મુનિના તપોબળથી પ્રભાવિત થયેલા ભગવાન શ્રીરામે કહ્યું, 'ગમન આમંથી શ્રેષ્ઠ કોણ હોઈ શકે છે. આપનું અમરત્વ તથા સદેહે સ્વર્ગે જવાનો અમૂલ્ય અવસર છોડીને આપ કુદરતના નિયમો પ્રત્યેની પોતાની જવાબદારી અદા કરી રહ્યા છો, જે કોઈ સામાન્ય માનવી આપના ગુણોને પ્રાપ્ત કરશે એ સામાન્ય હોવા છતાં પણ દેવતાઓ માટે પૂજનીય અને આદરણીય રહેશે.' કુદરતના નિયમોનું પાલન કરનારાની આગળ દેવતા પણ માથું નમાવે છે.

વિપક્ષોમાં મહત્ત્વાકાંક્ષાની હોડ શરૂ થઈ

તંત્રીસ્થાનેથી...

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં પોતાની પાર્ટી તરફથી કોઈ પડકાર નથી. એમણે રાજનાથસિંહ અને રામ માધવ જેવા પ્રતિસ્પર્ધીઓને હાંસિયે ધકેલી દઈ અમિત શાહ અને યોગી આદિત્યનાથ જેવા નવા સંભવિત મહત્ત્વાકાંક્ષી વારસદારો તૈયાર કરી દીધા છે. યોગીને વડાપ્રધાન બની જવાની ઉતાવળ નથી. હજી એમની પાસે ઘણાં સક્રિય વર્ષ સિલકમાં છે. મોદી 'મહાત્મા' અને 'મહંત' તરીકે પૂજાતા ગોરખપીઠના સર્વેસર્વાને ફરી વાર ઉત્તરપ્રદેશના મઠાધિપતિ બનાવવા કૃતસંકલ્પ છે અને હાલ પૂરતું એ પદ જળવાઈ રહે એમાં જ યોગી પોતાનું યોગક્ષેમ જોઈ રહ્યા છે. મોદીએ મહંતના પગે નહીં પણ પીઠ પાછળ ખભે હાથ મૂકીને પોતાના 'આશીર્વાદ' કેટલા મહત્ત્વના છે તે પ્રસ્થાપિત કરી દીધું છે. એ રાજકારણના મહામંડલેશ્વર જ નહીં, સાક્ષાત્ શંકરાચાર્ય છે. વિપક્ષો એમની વિરુદ્ધ એક મંચ પર આવવા ફાંફાં મારી રહ્યા છે, હજી સુધી ગાડી પાટે ચડી નથી, કોંગ્રેસને નેપથ્યમાં રહી કોઈ પ્રાદેશિક નેતાને આગળ કરે એવી અપેક્ષા રાજકીય ગણિતના જાણતલ પ્રશાંત કિશોર સહિત ઘણા બધા સક્રિય નેતાઓએ અને સવિશેષ તો મોદી વિરોધી લોબીએ વારંવાર વ્યક્ત કરવા છતાં કોંગ્રેસે મચક આપી નથી. ઊટલાંના પ્રિયંકા ગાંધી માડીજાયા વીરની ભેટે ચડ્યાં છે. ઉત્તરપ્રદેશની તમામ બેઠકો પર ઉમેદવારો ઊભા કરવાનો એમનો નિર્ણય ભવિષ્યમાં થનાર મહાગઠબંધન સામે એક પડકાર સમાન છે. ગઠબંધન કરવું હોય તો રાહુલ ગાંધીને જ વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે બધાએ સ્વીકારવા પડશે એવો સ્પષ્ટ સંદેશ પ્રિયંકા અને સોનિયા ગાંધી સહિત કોંગ્રેસના પ્રસ્થાપિત નેતૃત્વનો અને એના સમર્થકમાં આવી પડેલી શિવસેના સુધ્ધાંનો છે! સામે મમતા બેનર્જીએ પણ હવે ખુલ્લંખુલ્લા કોંગ્રેસની ટીકા કરવાનું વલણ અપનાવ્યું છે. હવે કોંગ્રેસ એક ફૂટી ગયેલી ટોપ છે, એનાથી મોદી કે ભાજપ નહીં હટી શકે - એ મતલબનો લેખ લખ્યા પછી મમતા બેનરજીએ તૃણમૂલ કોંગ્રેસના મૂળિયાં અને ડાળાંપાંખડાં ફેલાવવાં શરૂ કરી દીધાં છે. કોંગ્રેસ અને ભાજપ સહિતના પક્ષોમાંથી અસંતુષ્ટ નેતાઓ માટે એમણે તૃણમૂલના દરવાજા ખૂલ્લા મૂકી દીધા છે. હવે તેઓ નિયમિત રીતે રાજધાની દિલ્હીની મુલાકાત લેતાં રહેવાનાં છે અને પોતાને ગઠબંધનનાં સક્ષમ નેતા તરીકે સ્થાપિત કરવા માટેના ઈરાદા સાથે વિપક્ષોના નેતાઓને મળવાનાં છે. કેજરીવાલ ઓછા મહત્ત્વાકાંક્ષી નથી. પણ તેઓ પોતાની મર્યાદાઓ સમજે છે. એથી પાર્ટીને પંજાબ, ગોવા કે ગુજરાતમાં મજબૂત બનાવી આગામી વર્ષોમાં પોતે પણ વડાપ્રધાન પદના ઉમેદવાર બનવા ઉત્સુક છે. હાલ પૂરતાં તેઓ મમતા બેનરજીનું સમર્થન કરવા તૈયાર થશે એમ લાગે છે. રાહુલ ગાંધી કે મોદી એમને ધોળે ધરમે ખપશે નહીં. દરમિયાન સુષુપ્ત સિનિયોરિટીના જોરે પર શરદ પવારની પણ નજર તો દિલ્હીના મયૂરાસન પર જ મંડાયેલી છે!

શિયાળામાં તલ

પહેલું સુખ તે જાતે નર્યા
ડૉ. કેદાર ઉપાધ્યાય

ધીમે ધીમે શિયાળો બેસવા માંડ્યો છે. દરેક ઋતુની પોતાની આગવી ઓળખ છે. શિયાળો આવે એટલે હવા બદલાઈ જાય, પોશાક બદલાઈ જાય અને ખાનપાન પણ બદલાઈ જાય. શિયાળામાં એકબાજુ તીખું તમતમતું અને ચટાકેદાર ફૂડ ખાવાની મજા પડે જેમકે ઓળો, રોટલા, ટોઠા, ઊંધિયું... તો બીજી બાજુ આપણે હેલ્ધી ફૂડ પણ ખાઈએ જેમકે ગાજર,બીટ, પાલક, આમળા જેવા લીલા શાકભાજી અને ફળો, ખજૂર, ચ્યવનપ્રાશ, અને તલની બનાવટો. આજે આપણે શિયાળામાં વધુ પ્રમાણમાં ઉપયોગમાં લેવાતા તલ વિષે વાત કરીશું.

આમ જોઈએ તો 'તલલ્લ શબ્દ જ સ્નિગધતાનો સૂચક છે. કાળા અને સફેદ એમ બંને પ્રકારના તલનાં ગુણો અદભૂત છે. આયુર્વેદ મૂજબ તલમાં ચાર સ્વાદ છે. તીખો, મીઠો, તૂરો અને કડવો. પ્રકૃતિમાં થોડા ગરમ એવા તલ વાયુ પિત્ત અને કફ એમ ત્રણેય દોષોનું શમન કરે છે.

તલનું વર્ણન કરતા આચાર્ય ચરક જણાવે છે કે તલ ત્વચા માટે ઉત્તમ, વાળની રક્ષા કરનાર અને ઉત્તમ બલદાયક છે. તલ તેના સુક્ષ્મ ગુણને કારણે શરીરમાં જલ્દી અસર કરે છે. તલ મેધાવર્ધક અને ભૂખ લગાડનાર છે.

તલનું તેલ એ માલીશ માટે ઉત્તમ છે. તલના તેલનું માલીશ શરીરનો થાક દૂર કરે છે, ત્વચાને સુકોમળ કરે છે, માંસપેશીઓને મજબૂત કરે છે, અને શરીરને પુષ્ટ કરે છે. નિયમિત માલિશથી શરીર યુવાન રહે છે. તલના તેલના માલીશથી ચામડીની રૂક્ષતા, વાઢીયા, નાના મોટા વ્રણ આદિ દૂર થાય છે અને ત્વચા કાંતિમય દેખાય છે. આપણે શિયાળામાં અલગ અલગ ક્રીમ અને લોશન લગાવવા ટેવાયેલા છીએ. ક્યારેક તલના તેલનો ઉપયોગ કરી જોઈએ. ખરેખર મજા પડશે.

તલનાં અમુક બીજા ફાયદાઓ પણ છે જેમકે...

- દૂઝતા હરસમાં તલ અને માખણ ખાવાથી ફાયદો થાય છે
- કાળા તલને નિયમિત ચાવવાથી દાંત અને પેઢા સુદ્રઢ થાય છે
- સૂંઠ અને તલ ખાવાથી સાંધાના દુખાવામાં રાહત થાય છે
- તલ વીર્યવર્ધક છે અને નપુંસકતાને દૂર કરે છે
- તલ રસાયણ છે. નિયમિત લેવાથી શરીરની ધાતુઓનું પોષણ કરે છે

શિયાળામાં આપણે તલ અને તલની વાનગીઓ જેવીકે તલસાંકળી, કચરિયું આદિ ખાતા જ હોઈએ છીએ. તલના આ ગુણોને જાણ્યા પછી આ વાનગીઓ ખાવાની ઓર મજા આવશે.

(M) 9879471147

કંઈ જ કરવા જેવું ના બચ્યું હોય ત્યારે, ચાલો એક સેલ્ફી લઈએ, પરીવાર સાથે

નખરાળી જિંદગી
નિયતી કાપડીયા

આમ જુઓ તો એ એકલા જ રહેતા હોય એવું લાગે. કોઈ કોઈ ઘરમાં સાત આઠ જણા સાથે સાથે એકલા રહેતા હોય છે. તમને થશે કે આ વળી નિયતી કેવી વાત કરે છે, જે સાથે સાથે રહેતા હોય એ લોકો એકલા રહે છે એમ કેમ કહેવાય, હેં ને?

પણ, હું બરાબર જ કહું છું! આ દુનિયામાં કેટલાય એવા લોકો હશે જે એક જ ઘરમાં શરીરથી જરૂર સાથે રહેતા હશે પણ મનથી સાવ નોંખા, એકલા હશે. ક્યાંક સાસુ સસરા અને વહુ વચ્ચે અણબનાવ હોય તો ક્યાંક દેરાણી જેઠાણી વચ્ચે આખો દિવસ એક અદ્રશ્ય રેસ ચાલતી હોય. હા હવે ભૂલ નથી કરી, બરોબર જ લખ્યું છે. ભૂલ તો ગઈ વખતે થઈ ગયેલી.

ગયા ગુરુવારના લેખમાં એક ઉદાહરણમાં મુકેશભાઈને બદલે અનિલભાઈ લખાઈ ગયેલું. લખતી વખતે જરાય અંદાઝ જ નહોતો આવ્યો પણ છાપામાં જેવો એ લેખ જોયો એવી તરત માથા પર વીજળી ઝબૂકી ઉઠેલી! અરે રે નિયતિ તે આ શું કરાવ્યું એવું હું મનોમન બોલી પણ ખરી પછી થયું ભૂલ નિયતી કરે અને દોષ નિયતિને આપે એ ક્યાંનો ન્યાય? ત્યારે જ નક્કી કરી લીધેલું કે આવતા લેખમાં મારા વાચકગણની માફી માંગી લઈશ. બે હાથ જોડી, મસ્તક નમાવી હું મારી ભૂલ કબૂલ કરું છું હવે જટ કહી દો કે એમાં શું માફી માંગવાની, અમે તો ત્યારે જ સમજી ગયેલા કે બેનથી ભૂલ થઈ છે, કશો વાંધો નહીં! :)

હા, તો વાત હતી અદ્રશ્ય રેસની. દેરાણી અને જેઠાણી એકબીજા સાથે રેસ કરતી રહેતી હોય છે એ વાત માનવી જે લોકોને અઘરી થઈ પડે એ ખરેખર નસીબદાર છે. અત્યારની જ વાત નથી, વરસોથી ચાલતું આવ્યું છે કે ઘરની બે વહુઓ આપસમાં ક્યાંક ને ક્યાંક સરખામણી જ કર્યા કરતી હોય. એની સાડી મારી સાડી કરતા વધારે સુંદર કેમ છે થી લઈને ભાઈ ભાભી કેટલી વાર બહાર ગયા, કેટલી વાર હોટેલમાં ખાણું લીધું, કેટલી ફિલ્મો જોઈ એ બધાનો હિસાબ રખાતો હોય. એક જગ્યાએ તો નવી પરણીને આવેલી દેરાણીને જેઠાણીની ઈર્ષા આવે, જેઠજી રોજ રાત્રે દારૂ પીને આવતા અને જેઠાણીને થોડો માર મારતા. હવે આ દેરાણીને એ દ્રશ્ય જોઈ થતું કે જેઠજી મરદ માણસ છે જ્યારે એમના ભરથાર સાવ બોદા છે! ના કદી દારૂ પીવે છે, ના કદી ઊંચા અવાજે પત્નીને ખખડાવે છે!

હોય ભાઈ ઈર્ષા કોને કીધી! એકવાર અમે લોકો ફરવા ગયેલા અને ત્યાં ખૂબ સુંદર નકશીકામ કરેલી જૂની હવેલી જેવી હોટેલમાં રોકાયેલા. એ હોટેલમાં કામ કરતા એક ઉમરલાયક કાકા મને ત્યાંની બારીક કોતરણી વાળી છત બતાવતા કહે દેરાણી અને જેઠાણી વચ્ચેના ઝઘડા ના થતા હોત તો આ સુંદર જગ્યા નિર્માણ ના પામી હોત! મારા અળવીતરા જીવને એ કાકા ઓળખી ગયા હશે કે કેમ એ તો ભગવાન જાણે પણ મને એમની વાતમાં એક નવી વાર્તાનો પ્લોટ દેખાયો અને મેં કહ્યું, ''એવું કેવી રીતે થયું?× કાકા કહે હવેલીની જમણી બાજુ જેઠાણીની અને ડાબી બાજુ દેરણીની મિલકત હતી. જ્યારે હવેલીનું નિર્માણ ચાલું થયું ત્યારે દર ત્રીજા દિવસે એ બંને સ્ત્રીઓ વારાફરતી કામ જોવા આવતી અને એ દરેક વખતે એમને એમની બાજુની જગ્યા કરતા સામેની બાજુનું કામ ઉત્તમ લાગતું. એ બળી ઉઠતી અને એ બળતરામાં ને બળતરામાં એમના ભાગની ડીઝાઈન તોડી નખાવી ફરી વધારે સુંદર કામ કરવા કહેતી...

દેરાણી જેઠાણી લડે એમાં કંઈ નવાઈ નથી, માન્યું કે બે અલગ અલગ સ્ત્રીઓ અલગ પરિવાર, અલગ માહોલમાંથી આવતી હોય ત્યાં એમની વચ્ચે રાગ આવતા સમય લાગે, પણ બે સગી બહેનો વચ્ચે બોલવાના વ્યવહાર ન હોય એ મારી સમજણ બહારનું છે. કેટલાય એવા કિસ્સા જોયા છે જ્યાં બે મા જણી બહેનો એકબીજાની કટ્ટર હોય. ભાઈ ભાઈ વચ્ચેના લડાઈ ઝઘડા સમજમાં આવી જાય, મિલકતની વહેંચણી બાબત કે એમના બૈરી છોકરાઓ બાબતે મનમુટાવ રહેતો હોય પણ બે બહેનો વચ્ચે એવું તો શું બની જતું હશે? એમની તો સાસરી પણ અલગ હોય, ભાગ્યે જ કોઈક વખત મળવાનું થતું હોય તોય એકબીજાની સામે ના જોવાઈ જાય એનું ધ્યાન રાખવાની જરૂર શીદને પડતી હશે? તમને સમજાય તો મનેય સમજાવજો હોં...

નણંદ-ભાભીની વળી અલગ કહાની હોય. દરેક સ્ત્રીને મનમાં તો એમ જ થાય કે પિયરમાંની ભાભી અને સાસરીમાંની નણંદ કરતા પોતે ક્યાંય સારી, કામગરી અને સમજદાર છે. અરે કેટલાક તો ટેણીયા પણ મારા બેટા મહાભયંકર હોય છે. એમને જ્યારે તોફાન મસ્તી કરવા હોય, ફ્રીઝ ખોલીને ચોકલેટ ખાઈ જવી હોય, કે ઈન્ડિયા પાકિસ્તાન મેચ ચાલું હોય એ સમયે જ એમને કાર્ટૂન જોવું હોય ત્યારે બાજુમાં રહેતા કાકા/બાપાનું ઘર યાદ આવે.

આ બધા તૂટેલા ફૂટેલા સંબંધ એકદમ મસ્ત ક્યાં દેખાય ખબર છે? પારિવારિક સેલ્ફીમાં... ભલેને ઘરના બે સભ્યો એકબીજા સામે જોઈ તોબરો ચઢાવતા હોય, વાતે વાતે નીચું દેખાડતા હોય, કે પછી તાજા જ ઝઘડ્યા હોય. આપણને એમ થાય કે હવે વરસો લગી આ લોકો એકબીજા સામે જોઈ સ્મિત નહીં રેલાવે અને આપણો એ ખ્યાલ વરાળની માફક હવામાં ઉડી જાય જ્યારે કોઈ સેલ્ફી સ્ટીક લઈને એમની બાજુમાં ઉભુ રહી જાય. દેરાણીને જેઠાણી ગળે લગાડી લે, દીકરાઓ માબાપના ચરણકમળ આગળ ગોઠવાઈ જાય, પતિપત્ની એકબીજાને પ્રેમથી તાકી રહે અને ભલે ઘડી બે ઘડી પણ આખો પરિવાર સાચો પરિવાર બની રહે. ફોટો લેવાય જાય પછી બધા પાછા હતા એવા ને એવા. મારું માનવું છે કે દર રવિવારે બધાએ એમના પૂરા પરિવાર સાથે સેલ્ફી લઈ દુનિયા આગળ મૂકવી જોઈએ. તમારો સરસ મજાનો ખુશહાલ પરિવાર જોઈ બીજા કેટલાય એમાંથી પ્રેરણા લેશે. શું પ્રેરણા લેશે એ હવે મને ના પૂછતા ભૈસાબ.

અમસ્તું,

'રેડી', 'સ્માઈલ' કે પછી 'સે ચીઝલ્લ એ શબ્દો ખૂબ શક્તિશાળી છે, ભલે થોડીકવાર માટે જ પણ આખા પરિવારને પ્રેમથી જોડી રાખે છે!

@KapadiaNiyati

દોસ્તો, અમૂલ્ય માનવજીવનને જીવી જાણવાનું છે

લાગણીનો મેળો
રસિક વાળંદ

જીવન નહીં વ્યર્થ કા સપના,
બુદ્ બુદ્ જૈસા હી ક્ષણભંગુર,
અપલા (વીજળી) જૈસા ચંચલ - અસ્થિર,
ઉષા કી બાલી - સા નશ્વર.
જન્મ-મરણ હૈ આંખ મિચૌલી,
એક અનોખા ખેલ તમાશા.
મર કર અમર કીર્તિ સે સુરભિત
જગ હો ઐસી અતુલિત આશા.
- શ્રીમન્ન નારાયણજી (પૂર્વ રાજ્યપાલ)

ભલે, જનજીવન રાબેતા મુજબનું થયું હોય... પરંતુ કોરોનાએ ભરખી લીધેલા સ્વજનોનાં મૃત્યુના આઘાતોના પડઘા આજેય વાતાવરણમાં ગૂંજી રહ્યા છે!! કથા -વાર્તા, જપ-તપ, સત્સંગ-ચિંતનથી ન બદલાય એવા કેટલાયે લોકોની જીવન તરાહ બદલાઈ ગઈ. મૃત્યુનો ખોફ જીવન-મર્મ શીખવી ગયો... કેટલાયે અક્કવીરોની અક્કલ ઠેકાણે આવી ગઈ... છતાંયે સમાજના બહુજન વર્ગ માટે તો સ્મશાન વૈરાગ્ય જ સાબિત થયું હોય એમ બમણાં વેગથી બે વરસની નુકશાની ભરપાઈ કરવા તળે ઉપર થયા હોય એવું અનુભવાય છે. આ ઉપરથી એવું સમજાય છે કે જે ભોગ-વિલાસ, સુખ-સાહ્યબીની આકાંક્ષાવાળા અર્થદાસોને મને પૈસા જ પરમેશ્વર છે. જે ધર્મ પ્રિય છે, ભક્તિભાવવાળા ધર્મદાસને સત્ય, પ્રેમ, ત્યાગ, સેવા, સમર્પણ, જીવદયા, નૈતિકતા જ સર્વસ્વ લાગે છે. પેલું જાણીતું ભજન છે;

'આજનો લ્હાવો લીજિયે રે ! કાલ કોણે દીઠી!' - આ શબ્દો અર્થદાસોને ધર્મદાસોએ પોતપોતાની દૃષ્ટિએ ઉકેલ્યા લાગે છે !!!

ખેર, જીવનની ઈચ્છા - આકાંક્ષા કોને ન હોય... સામાન્ય જીવજંતુ હોય કે દેવાદિધેવ ઈન્દ્ર. જીવવું કોને ન ગમે ?! મૃત્યુનો ભય તો દરેકને સતાવે જ. હા, પશુમાં જીવન દૃષ્ટિ ન હોય... પણ માણસ દૃષ્ટિવિહીન જીવે તો પશુ ને મનુષ્યમાં શો ફેર ?!

આટલાં વર્ષો વીતાવ્યાં પછી એટલું સમજાયું છે કે, જેટલી વ્યક્તિ એટલી જીવન ફિલસૂફી... વ્યક્તિએ - વ્યક્તિએ જીવનની વ્યાખ્યા વિભિન્ન... વ્યક્તિને થયેલા ખટમીઠા અનુભવોનું એ જ બયા છે. માણસ જીવનને અખંડ - સમગ્રયતા જાણવા - સમજવાને બદલે જીવનમાં ઘટેલી - અનુભવેલી એકાદ માન્યતાને આધાર



બનાવી જીવન ફિલસૂફી બક્યા કરે છે. એટલે કોઈકને મન જીવન સુખાન્ત (કોમેડી) છે, તો કોઈકને મન દુઃખાન્ત (ટ્રેજેરી) છે. આ સંકુચિતતા છે, જડતા જ ગણાય.

જીવન તો પ્રવાહિત છે... સતત વહેતું... પરિવર્થનશીલ છે... એટલે ખ્યાલો બદલાતા જ રહે... કોઈકે લખ્યું છે ; 'આમ જુઓ તો આરપાર ને આમ જુઓ તો ભેદભરમ, જિંદગી એક કાચનું બારણું...'

જીવનને કોઈ વ્યાખ્યા કે માન્યતામાં બાંધવાને દલે શ્રદ્ધાપૂર્વક જીવવાનો આનંદ શોધીએ. જીવનમાં કોઈ લક્ષ્યકે આદર્શ રાખી જીવીએ... ક્ષુલ્લક બાબતો હડસેલી ભવસાગર પાર કરવાનો છે. આવા લોકો જ કહે છે ; 'જિંદગી ઝિંદાદિલી કા નામ હૈ, મુર્દાદિલ ખાક જિયા કરતે હૈ' જીવતર એટલે જ ઝિંદાદિલી. આપણી આસપાસ જરા નજર કરીશું તો બહુજન વર્ગ ઉત્સાહીન, ગતાનુગતિક, જીવ્યે જાય છે. બીજા માટે કશું જ કરવાની કોઈ તમન્ના જ નથી. ભાવના જ નથી. ક્ષુદ્ર ભાવના, ભોગના ચક્કરમાં અટવાયેલા રહે છે. શ્વસે છે ખરાં પણ ભાવભીનો ધબકાર નથી. નર્યાં સ્વાર્થાંધ - આત્મકેન્દ્રી 'મુર્દાદિલ.'

દોસ્તો, અમૂલ્ય માનવજીવનને જીવી જાણવાનું છે. મહાન - પવિત્ર ઉદ્દેશને સાર્થક કરવાનો છે. કોણ શીખવશે ?! સતત સાવદાની ભર્યું જીવીએ, આત્મદર્શન કરીએ, જીવનને જો કસોટી ગણીએ તો સુખ-દુઃખમાં પ્રસન્નતા કેળવીએ. કસોટીમાં પાર ઊતરીએ, ઉત્તમ કાર્યો કરી જીવન સાર્થકને શાનદાર બનાવીએ. જીવન એક જવાબદારી છે. 'જીવો અને જીવવા દો.' એથીયે આગળ 'જીવાડો.' ની ભાવના વ્યાપક કરીએ તો ખરું.

મેઘાણીજીની પેલી કવિતા યાદ આળે, 'ભીંતે ઝુલે છે તલવાર' અને 'ભેટે ઝુલે છે તલવાર' કવિશ્રીએ મોટા દીકરા અને નાના દીકરાનો ભેટ સ્પષ્ટ કરતા લખ્યું છે;

'મોટાનાં મોત ચાર ડાઘુઓ જાણીઆ,
નાનાની ખાંભી પૂજાય.'

મિત્રો, આપણે સંસારનાં ક્ષુદ્ર 'જીવડાં' નથી એક આત્મધારી ઈન્સાન છીએ, પેલા કરોલિયાની જેમ 'લટકતા' ને 'ભટકતા' જ રહેવાનું ?! આપણે આપણી સમજ-શક્તિ સામર્થ્ય મુજબ પરિવાર, સમાજ, ગામ, સૃષ્ટિને કંઈ આપવાનું છે. ઋણ ચૂકવવા આવ્યા છીએ. ઈશ્વરની આ સૃષ્ટિનો એકાદ ખંડ સુંદર, ફળાદાયીને પ્રેમાળ બનાવીએ તોય ઘણું. કોઈકને હૂંફ આપીને, ભાવપ્રેમ આપીએ. કોઈકનું દુઃખ ઓછું કરી જીવવાની નવી આશા જન્માવીએ. આ પણ એક મહાન કાર્ય છે, 'મારે કોઈ લેવા દેવા નહીં,' બસ, ખાઓ, પીઓ ને મોજ કરો.' - આવી પલાયનવૃત્તિ છોડી ઘસાઈને ઊજળાં થઈએ...!!

સ્પર્શમણિ :

જીવન અને મૃત્યુ એ બંને પૈકી કોણ બત્તર છે, તેનું જ્ઞાન પરમાત્માને અને માત્ર પરમાત્માને છે.

- સોક્રેટિસ

●●●

રોગચાળો ફેલાય ત્યારે

(૧) જે બીજાને સ્વાર્થ વિના મદદ કરે તે દેવ છે.

(૨) જે સાવધાની રાખી પોતાના તરફથી રોગ ને ફેલાવે તે મનુષ્ય છે.

(૩) જે તક ઝડપી ગરજનો ભરચક ફાયદો ઉઠાવે તે અસુર છે.

આ બધા અહીં જ છે, ઉપર કંઈ નથી...

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949